**આંક–૧ લગત હુકમ**

(૧) ફરિયાદીને સાંભળ્યા, પુરશીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે લોક અદાલત માટે સમન્સ / નોટીસ પક્ષકારોને કાઢતા ફરિયાદી / ભોગબનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરિયાદી / ભોગબનનારે આંક– થી હાલની પુરશીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુદ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરશીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબૂલ – મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયા ન હોય અને રજુ થયેલ પુરશીસમાં તેઓની સહી ન હોય તો પણ કોર્ટે આરોપી વિરુદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉંડ કરી શકે કે કેમ ? આ કોર્ટ ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટી આવેલ છે.

૧. વાય પી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮ ક્રિ.લો.જ.–૯૨૮.

૨. યેસુદાસ અને બીજા વિ. સબ ઈન્સપેકટર ઓફ પોલીસ, કલ્લામેસરી અને બીજા ૨૦૦૮ ક્રિમીનલ લો.જનરલ–૧૨૯૦.

(૩) સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

એ. ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્રીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦ (૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી તથા સદર કલમના કોઠાની કોલમ નં. ૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરિયાદી/ ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

ડી. ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

ઈ. ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦ માં ગુનો કમ્પાઉંડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિદ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ ( દરગુજર – માફ) કરવા માટે કરવાની પુરશીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી

ફરજીયાત નથી તેથી હાલની પુરશીષ સ્વિકારવાને પાત્ર છે. તેમજ ફરિયાદની હકીકત ધ્યાને લેતા જો પુરશિસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતું હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતુ નથી. અને ફરિયાદી / ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ કરવા માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કરભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરશીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કોડ કલમ– ૩૮૧,૧૧૪ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ ફરિયાદીને યા તેના માલિકને માલિકીપણાની ખરાઈ કરી, પરત આપવા, સંબંધીત પો.સ્ટે.ના પી.આઈ.શ્રીને હુકમ કરવામાં આવે છે. વચગાળાનો હુકમ કાયમ રાખ્યો.

(૩) આરોપીના જામીનખત અપી સમય વિત્યે રદ્દ ગણવા.

હુકમ આજ તા. ૦૮/૦૨/૨૦૨૦ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમીયાન વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા. ૦૮ / ૦૨ / ૨૦૨૦
વડોદરા.

**ઈલ્યાસ કે. જાંગડ**
૧૨ મા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
વડોદરા
કોડ નં.જીજે– ૦૦૮૬૭

*VJUnadkat.*